મુંબઈથી લઈ યુરોપ, અમેરિકા સહિતના દેશો સુધી એકપોર્ટ થતાં વલસાડના ઝીંગા

ઝીંગા ઉદ્યોગને 150 કરોડનું નુકસાન

બેંક લોન લઈ ઝીંગા તળાવો બનાવનારા માલિકો માટે હપ્તા ક્યાંથી ભરવા તે મોટો પ્રશ્ન

તળાવો ધોવાઈ જવાથી અને પાક તણાઈ જવાથી ખેડૂતો અને વેપારીઓ સંકટમાં

6 માસ બાદ ઝીંગા તૈયાર થાય છે

ઝીંગાના નાના બચ્ચાઓ ચેન્નાઈ, વિશાખાપટ્ટનમથી લાવવામાં આવે છે, તેને તળાવમાં નાખ્યા બાદ ખોરાક, દવાનો લાખો રૂપિયા ખર્ચ કર્યા બાદ આશરે 6 માસ બાદ ઝીંગા તૈયાર થાય છે. ઝીંગા ઉદ્યોગકારો સમતળ ક્યારો બનાવી તેમાં મીઠુંવાળું પાણી ભેગું કરે છે, ત્યારબાદ ઝીંગાના નાના બચ્ચા નાખી તેનો ઉછેર કરે છે, ક્યારીઓમા સમયાંતરે ખોરાક નાખવો પડે છે. આશરે 6 મહિનામાં મોટા થઈ જાય છે, તો સમગ્ર પ્રક્રિયામાં 10 ટકા જેટલા ઝીંગા મૃત પણ થાય છે. ઝીંગા ખોરાક, સાધનો તમામ નાશ પામ્યા છે, ત્યારે સરકાર ઓછા વ્યાજની લોન, બિયારણ, ખોરાક, સાધનો આપે તો ઝીંગા માલિકો ફરી બેઠા થઈ શકે.

સરકાર વ્યાજની લોન, બિયારણ આપે તો માલિકો બેઠા થઈ શકે

વલસાડ જિલ્લા એક્વા કલ્ચર એસોસિએશનના પ્રમુખ નરેન્દ્ર ટંડેલે જણાવ્યું કે, ભારે વરસાદના પગલે ઝીંગા તળાવ સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. માત્ર વલસાડ જિલ્લાની વાત કરીએ તો 100થી 150 કરોડથી વધુનું નુકશાન થયું છે ત્યારે સરકાર વ્યાજની લોન, બિયારણ, ખોરાક, સાધનો આપે તો ઝીંગા માલિકો ફરી બેઠા થઈ શકે.

વલસાડ : વલસાડ તાલુકાના કાંઠા વિસ્તાર (નાની ભાગલ, હિંગળાજ, સહિતના ગામોમાં) જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે પાળાઓ ધોવાઈ જતા ઝીંગા ઉદ્યોગને અંદાજે રૂપિયા 100 થી 150 કરોડનું નુકસાન થયું છે. માત્ર વલસાડ તાલુકાના નાની ભાગલ ગામમાં 4 કરોડથી વધુનું નુકશાન થયું છે. બિયારણ, દવાઓ, મજૂરી, વીજ બિલ સહિતના લાખો રૂપિયાના ખર્ચ બાદ માત્ર 15થી 20 દિવસમાં તૈયાર થનારા ઝીંગા વરસાદી પાણીમાં વહી જતા ઘણું મોટું આર્થિક સંકટ આવ્યું છે. એટલુ જ નહીં બેંક લોન લઈ ઝીંગા તળાવો બનાવનારા માલિકો માટે લોન હપ્તા ક્યાંથી ભરવા તે મોટો પ્રશ્ન થઈ પડ્યો છે. તો આ વ્યવસાય સાથે હજારો લોકોની આજીવિકા પણ જોડાયેલી છે. તે ખરેખર ચિંતાજનક બાબત છે. આ વિસ્તારોમાં તળાવો ધોવાઈ જવાથી અને પાક તણાઈ જવાથી સ્થાનિક ખેડૂતો અને વેપારીઓ આર્થિક સંકટમાં મુકાયા છે. માત્ર નાની ભાગલ ગામમાં જ આશરે 3થી4 કરોડથી વધુનું નુકશાન થયું છે. વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં ત્યાર થતાં ઝીંગા મુંબઈથી લઈ યુરોપ, અમેરિકા સહિતના દેશો સુધી એકપોર્ટ થાય છે.

જમીન વેચાણની પરવાનગી અપાવવાના બહાને ઠગાઇ કરનાર ત્રણ સામે ગુનો દાખલ

વાપીમાં સરકારી અધિકારીની ખોટી ઓળખ આપી 2.12 કરોડની ઠગાઈ

સચિવાલયના વર્ગ-2 અને વર્ગ-1ના અધિકારી હોવાનું નાટક કરી રિયલ એસ્ટેટ વ્યવસાયીને વિશ્વાસમાં લીધા

બનાવટી હુકમો અને કાગળો તૈયાર કરી આંગડિયા અને બેંક મારફતે કરોડો રૂપિયા પડાવ્યા બાદ ભાંડો ફૂટ્યો

વાપી : વાપીની ગોકુલ વિહાર ટાઉનશિપમાં રહેતા અને રિયલ એસ્ટેટનો ધંધો કરતા ઉત્પલભાઈ બલદેવભાઈ પારેખ સાથે રૂ. 2,12,45,000ની વિશ્વાસઘાત અને છેતરપિંડીની ઘટના સામે આવી છે. આ મામલે તેમણે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

વર્ષ 2024માં વાપી તાલુકાની જમીનના વેચાણની પરવાનગી મેળવવા માટે વલસાડ કલેક્ટર કચેરી અને ગાંધીનગર મહેસૂલ વિભાગમાંથી ક્લિયરન્સ મેળવવાનું હતું. આ માટે ઉત્પલભાઈ વાપીના રેવન્યુ કન્સલ્ટન્ટ રાજેશ ગૌતમને મળ્યા હતા. રાજેશે તેમની ઓળખાણ ગાંધીનગર સચિવાલયમાં મહેસૂલ વિભાગના વર્ગ-2ના અધિકારી તરીકે ઓળખ આપતા રાજેન્દ્ર મુકેશભાઈ ઝેકડીયા સાથે કરાવી હતી. રાજેન્દ્ર પોતાની ગાડી પર 'ગવર્મેન્ટ ઓફ ગુજરાત' ની પ્લેટ અને ગળામાં આઈકાર્ડ રાખતો હોવાથી ઉત્પલભાઈને વિશ્વાસ બેસી ગયો હતો.

ત્યારબાદ આરોપીઓએ સચિવાલયમાં વર્ગ-1ના અધિકારી એસ.એસ. ગોહિલ સાથે મુલાકાત કરાવી ફાઈલ પાસ કરાવવાના બહાને આંગડિયા અને બેંક ખાતાઓ દ્વારા રૂ. 2.12 કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. સમય જતાં કોઈ કામ ન થતાં અને આરોપીઓ બહાના કાઢવા લાગતાં શંકા ગઈ હતી. આરોપીઓએ કુરિયર દ્વારા વલસાડ કલેક્ટરના સહી-સિક્કાવાળા મંજૂરીના જે હુકમો મોકલ્યા હતા, તેની ઉત્પલભાઈએ વાપી મામલતદાર કચેરીમાં ખરાઈ કરાવતા તમામ દસ્તાવેજો બનાવટી હોવાનું ખૂલ્યું હતું. આ અંગે ઉત્પલભાઈએ રાજેન્દ્ર ઝેકડીયા (વલસાડ), એસ.એસ. ગોહિલ અને રાજેશ ગૌતમ (વાપી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

તંત્ર દ્વારા અગાઉ રજૂઆતો ધ્યાને ન લેવાતા ગ્રામજનોમાં ઉગ્ર રોષ

સમરોલીની ખાડી પર ગેરકાયદે બાંધકામથી પાણીનો ભરાવો

કાલા ખાડીમાં માટીપૂરાણ અને દિવાલ બનાવી અવરોધ ઊભો કરાતા બે વખત ઘરોમાં પાણી ભરાયા

ઘરોમાં 10 ફૂટ પાણી ભરાતા લોકોમાં રોષ, અનાજ અને રાચરચીલું નષ્ટ

ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી નજીક આવેલા સમરોલી કચ્છીચાલ અને અંબિકા પાર્ક સોસાયટીના રહીશોએ જિલ્લા કલેક્ટર, પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર પાઠવી કાલા ખાડીમાં ઊભા કરાયેલા ગેરકાયદે અવરોધો દૂર કરવાની ઉગ્ર રજૂઆત કરી છે.

રહીશોના જણાવ્યા મુજબ, નેશનલ હાઈવે નજીક મજીગામ ખાતે બ્લોક નંબર ૭૮૯ ની જમીનમાં આર.સી.સી. પાઈપ નાખી, દીવાલ બનાવી તથા માટીપૂરાણ કરીને કાલા ખાડીના કુદરતી પ્રવાહને રોકી દેવામાં આવ્યો છે. આ ગેરકાયદે બાંધકામને કારણે તાજેતરના ચોમાસા દરમિયાન આ વિસ્તારના ઘરોમાં ૧૦ ફૂટથી વધુ પાણી ભરાઈ ગયા હતા. સમરોલી ગામના વોર્ડ નં. 3 અને ૪ ના આશરે ૮૦ જેટલા કાચા-પાકા ઘરોમાં પાણી ભરાતા અનાજ, રાચરચીલું અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો પલળી જવાથી સ્થાનિકોને ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

અગાઉ તાલુકા કક્ષાના ફરિયાદ નિવારણમાં રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા આ ગંભીર પ્રશ્નને નજરઅંદાજ કરવામાં આવ્યો હતો. સ્થાનિક રહીશોએ માંગ કરી છે કે જાહેર હિતને નુકસાન પહોંચાડનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને પાણીના કુદરતી માર્ગમાં નડતરરૂપ તમામ અવરોધો તાત્કાલિક દૂર કરવામાં આવે. જો તંત્ર દ્વારા વહેલી તકે આ દબાણો હટાવવામાં નહીં આવે, તો સ્થાનિકોએ પોતે જ આ અવરોધો દૂર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

વલસાડમાં કાદવના કારણે ૨૪ કલાકમાં ૧૦ અકસ્માત

પારડી-સાંઢપોર વિસ્તારમાં કાદવના કારણે અકસ્માતોની હારમાળા સર્જાઇ

વલસાડ : વલસાડ જિલ્લાના પારડી-સાંઢપોર વિસ્તારમાં પૂરના કારણે સર્જાયેલી મુશ્કેલીઓ હજુ પણ યથાવત છે. આ વિસ્તારના કૈલાશ રોડ પર સ્મશાન ભૂમિ પાસે રસ્તા પર જમા થયેલા ભારે કાદવ અને કીચડને કારણે છેલ્લા 24 કલાકમાં અંદાજે 10 જેટલા અકસ્માતો સર્જાયા છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોમાં ભારે ડર અને રોષ જોવા મળી રહ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, મુખ્યત્વે ટુ-વ્હીલર વાહનચાલકો માટે આ માર્ગ અત્યંત જોખમી સાબિત થઈ રહ્યો છે. આજે બપોરે એક બાઈક સવાર ગુદલાવ સ્મશાન પાસેથી વલસાડ તરફ જઈ રહ્યા હતા, ત્યારે સ્મશાન ભૂમિ નજીક કાદવને કારણે તેમની બાઈક અચાનક સ્લીપ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં તેમને કાનના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પટકાયા હતા. આસપાસના જાગૃત યુવાનોએ તાત્કાલિક મદદે આવીને ઈજાગ્રસ્તને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, વલસાડમાં આવેલા વિનાશક પૂરના પાણી ઓસરી ગયા છે, પરંતુ માર્ગો પર જામેલો કાદવ હટાવાયો નથી. તંત્રની આ ઉદાસીનતાને કારણે એક જ જગ્યાએ અસંખ્ય વાહનો સ્લીપ થવાના બનાવો બન્યા છે. આ કપરી પરિસ્થિતિમાં પારડી-સાંઢપોરના સરપંચ ભોલાભાઈ પટેલ સ્થાનિકોની વચ્ચે રહીને સતત સમસ્યાના ઉકેલ માટે પ્રયાસ કરી રહ્યા છે, છતાં તંત્ર દ્વારા સફાઈ કે માર્ગ સમારકામની કામગીરી ન થવાથી લોકોમાં તંત્ર સામે ભારે નારાજગી પ્રસરી છે. પૂરના કારણે બેહાલ બનેલા આ વિસ્તારમાં સામાન્ય જનજીવન હજુ પાટે ચઢ્યું નથી. ત્યારે કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે તંત્ર વહેલી તકે કાદવ હટાવીને માર્ગ પૂર્વવત્ કરે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં નાણાં મંત્રીના સથવારે ઉદ્યોગો પૂરગ્રસ્ત લોકોની વહારે આવ્યા

વાપી : વાપી સહિત સમગ્ર જિલ્લામાં પૂર તેમજ અતિભારે વરસાદને કારણે જે લોકોને નુકશાન થયું હતું તેમને મદદરૂપ થવા માટે વાપી સહિતના ઉદ્યોગોએ પૂરગ્રસ્ત પરિવારોને ૩૩૦૦૦ અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વાપી વિસ્તારના ધારાસભ્ય તેમજ નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શનમાં તેમજ તેમના સથવારે અસરગ્રસ્ત પરિવારોને ઉદ્યોગોએ અનાજની કીટનું ગામડે ગામડે જઈને વિતરણ કર્યું હતું. આ કાર્યમાં વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ સહિત અગ્રણીઓ સાથે રહ્યા હતા. વાપીના વીઆઈએ, નોટિફાઈડ ઓથોરિટી તેમજ જીઆઈડીસીના સહકારથી જીપીસીબી સહિતની સરકારી એજન્સીઓએ અસરગ્રસ્ત પરિવારોને મદદરૂપ થવા માટે આયોજન કર્યું હતું. વાપીના ઉદ્યોગો દ્વારા અસરગ્રસ્ત પરિવારને મદદરૂપ થવા માટે આયોજન હાથ ધરાયું હતું. ઉદ્યોગો દ્વારા ૧૫૦૦ જેટલી તાડપત્રી, ૧૫૦૦૦ જેટલા ફૂડ પેકેટ સહિતની સામગ્રી લોકોને પહોંચાડી હતી. વાપી સહિત સમગ્ર જિલ્લામાં ગામડાઓ સુધી ઉદ્યોગોએ જરૂરી મદદ પહોંચાડી હતી.

આલીપોરની વસુધારા ડેરીના નિવૃત્ત એમડી નરેન્દ્ર વશીનું નિધન

ઘેજ : વસુધારા ડેરીમાં ચાર દાયકાથી વધુ સમયથી ફરજ બજાવતા અને છેલ્લે એમડી તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા નરેન્દ્રભાઈ વશીનું ટૂંકી માંદગી બાદ બુધવારે સવારે તેમના નિવાસસ્થાન મજીગામ ખાતે દુઃખદ અવસાન થયું હતુ. વસુધારા ડેરીને પ્રગતિના સોપાન ઉપર લઈ જનાર નરેન્દ્રભાઈ વશીના પાર્થિવ દેહને બપોરે આલીપોર વસુધારા ડેરી ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ, કામદારો તેમજ વસુધારા ડેરીના ચેરમેન રાજાભાઈ પટેલ, ડિરેક્ટર કિશોરભાઈ હરિભાઈ, ઇન્ચાર્જ એમડી વિજયભાઈ કાપડિયા, કેબિનેટ મંત્રી નરેશ પટેલ, માજી સાંસદ કાનજીભાઈ પટેલ, કવોરી એસોસિએશનના પ્રમુખ સલીમભાઈ પટેલ, સહકારી મંડળીના હોદ્દેદારો અને દૂધ ઉત્પાદકો તેમજ વસુધારા ડેરીના ડિરેક્ટરોએ સદગતને શ્રદ્ધાંજલિ અર્પી હતી. દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લા જેવા આદિવાસી વિસ્તારમાં વસુધારા ડેરીને વિકાસના પંથે લઈ જવામાં સદગતની ભૂમિકા અગ્રેસર રહેવા પામી હતી.

બીલીમોરા દેવસર નવનાથ ધામમાં ગુરુપૂર્ણિમાએ શ્રદ્ધાળુઓનું મહેરામણ ઉમટ્યું

કરસી બારીયા

બીલીમોરા : 'ગુરુપૂર્ણિમા' નિમિત્તે બીલીમોરા સ્થિત પ્રખ્યાત તીર્થધામ દેવસર નવનાથ ધામ ખાતે ભક્તિ અને શ્રદ્ધાનો સંગમ રચાયો હતો. મંદિરમાં ગુરુપૂર્ણિમા મહોત્સવમાં ભાગ લેવા અને ગુરુચરણે નમન કરવા શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી હતી. આ દિવ્ય પ્રસંગે, ભક્તોએ બ્રહ્મલીન પરમ પૂજ્ય શ્રી સાનેદાદાના પવિત્ર દર્શન કરી, મંત્રમુગ્ધ આભા વચ્ચે તેમની દિવ્ય સ્મૃતિને વંદન કર્યા હતા. છોટેદાદાના મુખારવિંદેથી વહેતી જ્ઞાનગંગા સમાન પ્રેરણાદાયી સત્સંગ અને આધ્યાત્મિક પ્રવચનનો મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. ભક્તોએ તેમના પ્રવચન દ્વારા જીવનમાં ગુરુતત્ત્વના ખરા મહિમા અને મહત્વને આત્મસાત કર્યો હતો. સવારથી જ શરૂ થયેલા વિધિવત ગુરુપૂજન, ભાવવાહી ભજન-કીર્તન અને જ્ઞાનસભર સત્સંગના કાર્યક્રમોએ વાતાવરણને સંપૂર્ણપણે ભક્તિમય અને પવિત્ર બનાવી દીધું હતું. છોટેદાદાએ જણાવ્યું હતું કે, ગુરુ જ શિષ્યના જીવનમાંથી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાથરે છે. તેમણે સનાતન સંસ્કૃતિના ઉચ્ચ મૂલ્યો અને માનવજીવનમાં ગુરુના અનિવાર્ય સ્થાન અંગે ખૂબ જ ગહન અને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, ગુરુપૂર્ણિમાના આ પવિત્ર મહોત્સવમાં દેશભરમાંથી જ નહીં, પરંતુ વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દાદાના આશીર્વાદ લેવા પધાર્યા હતા. ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ આયોજનને સફળ બનાવવા માટે નવનાથ ધામ સંચાલક મંડળ, 'દાદા કી સેના', 'ચંડિકા સેના'ના યુવાનોએ સેવા આપી હતી.

મોટી દમણમાં ટ્રાફિકને અડચણરૂપ 8 ગેરકાયદે દુકાન સીલ

દમણ : દમણના આંબાવાડી વિસ્તારમાં ટ્રાફિકને અડચણરૂપ બનનારી 8 જેટલી ગેરકાયદે દુકાનો બંધ કરવામાં આવી છે. આંબાવાડીના મુખ્ય માર્ગ પાસે રોજબરોજ વાહનોના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાતી હતી. આ મુદ્દે પ્રશાસને દુકાનદારોને સમજાવી ચેતવણી આપી હતી. છતાં સ્થિતિમાં કોઈ સુધારો ન થતા પ્રશાસને તપાસ કરાવી હતી. જેમાં બાંધકામની પરવાનગી ઉપલબ્ધ ન હતી. જેના આધારે આખરે આજે પ્રશાસને ગેરકાયદે દુકાનોને બંધ કરી તેને કોર્ડન પટ્ટી મારવાની કાર્યવાહી કરી હતી.

યુવતી પર બળાત્કાર ગુજારનાર નકલી પત્રકારને ૧૦ વર્ષની સજા

પારનેરા ડુંગર નજીક યુગલને ધમકાવીને દુષ્કર્મ આચર્યું હતું

વલસાડ : વલસાડના પારનેરા ડુંગર નજીક ક્રાઇમ રિપોર્ટરની ખોટી ઓળખ આપી યુવતી પર બળાત્કાર ગુજારવાના ગુનામાં વલસાડ સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપી પંકજ કુમાર સમરબહાદુર સિંઘ (ઉં.વ. ૩૭)ને દોષિત ઠેરવી ૧૦ વર્ષની સખત કેદ અને ૧ લાખ રૂપિયાના દંડની સજા ફટકારી છે.

ઘટના મુજબ, ૨૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ એક યુવતી તેના પ્રેમી સાથે પારનેરા ડુંગર પાછળ બેઠી હતી. તે સમયે આરોપી પંકજ કુમારે પોતાની જાતને 'ક્રાઇમ રિપોર્ટર' ગણાવી બંનેને ધમકાવ્યા હતા અને ડીએસપી સાહેબ સાથે વાત કરાવવાના બહાને બાઇક પર બેસાડી પોલીસ સ્ટેશન જવા નીકળ્યો હતો.

રસ્તામાં તેણે યુવાનને ઉતારી મૂક્યો હતો અને યુવતીને પકડી રાખી ફરીથી પારનેરા ડુંગરની ઝાડીઓમાં લઈ જઈ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આંગણે બનેલી ઘટના બાદ પીડિતાએ વલસાડ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ નવીન પ્રજાપતિની દલીલો અને પુરાવાઓને ધ્યાને રાખી સેશન્સ જજ નિપા રાવલે આરોપીને તકસીરવાર ઠેરવ્યો હતો. કોર્ટે કેદ અને દંડ ઉપરાંત પીડિત યુવતીના પુનર્વસન માટે રૂ. ૩ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

વાંસદામાં ગાયે બે માથાવાળા વાછરડાને જન્મ આપ્યો

નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા તાલુકાના ધરમપુરી ગામના ચિકાર ફળિયામાં રહેતા કરશનભાઈ ગામીતના ઘરે ગુરુપૂર્ણિમાના પાવન દિવસે એક ગાયે બે માથાવાળા વાછરડાને જન્મ આપતાં સમગ્ર વિસ્તારમાં આશ્ચર્યનો માહોલ સર્જાયો હતો. આ અનોખા દૃશ્યના સમાચાર ગામમાં ફેલાતા મોટી સંખ્યામાં ગ્રામજનો વાછરડાને જોવા માટે ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકો આ ઘટનાને કુદરતની અદભૂત લીલા અને દુર્લભ સંયોગ તરીકે જોઈ રહ્યા છે. બે માથાવાળા વાછરડાને જોવા માટે આસપાસના વિસ્તારોમાંથી પણ લોકો પહોંચી રહ્યા છે અને આ ઘટના સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બની છે.

નાર નદીનો ડુબાઉં કોઝવે પાણીમાં ગરકાવ થતાં પશુપાલકો અને ગ્રામજનો મુશ્કેલીમાં

નાની કોસવાડી ગામ 7 દિવસથી સંપર્ક વિહોણું

કોઝવે ડૂબી જવાથી દૂધનું વાહન ગામ સુધી ન પહોંચતા પશુપાલકોને મોટું આર્થિક નુકસાન

ધરમપુર : ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા નાની કોસબાડી અને મોટી કોસબાડી ગામ વચ્ચે નાર નદી પર આવેલો ડુબાઉં કોઝવે સતત વરસાદના કારણે છેલ્લા સાત દિવસથી પાણીમાં ગરકાવ છે. કોઝવે બંધ થતાં નાની કોસબાડી ગામનો બહારના વિસ્તાર સાથેનો સંપર્ક તૂટી ગયો છે. ગામ સુધી વાહનો પહોંચી શકતા ન હોવાથી ગ્રામજનોને રોજિંદા કામકાજમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગામમાં દૂધ એકત્ર કરવા માટે આવતું વાહન પણ છેલ્લા એક સપ્તાહથી પહોંચી શક્યું નથી. તેના કારણે પશુપાલકોનું દૂધ ડેરીમાં ભરાઈ શકતું નથી અને દૂધના વેચાણ પર અસર થતાં તેમને આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. કેટલાક લોકો જીવના જોખમે નદી પાર કરીને દૂધ પહોંચાડવાનો પ્રયાસ કરે છે, જ્યારે ઘણા પશુપાલકોનું દૂધ વેચાણ વગર જ રહી જાય છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ ચોમાસામાં સામાન્ય વરસાદ પડે ત્યારે પણ કોઝવે પર પાણી ફરી વળે છે અને દર વર્ષે આવી જ સ્થિતિ સર્જાય છે. આ અંગે અનેક વખત તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમક્ષ રજૂઆત કરવા છતાં હજુ સુધી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. જેના કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નાની કોસબાડી ગામના સરપંચ પ્રકાશભાઈ પવારે જણાવ્યું હતું કે, કોઝવે પાણીમાં ગરકાવ થતાં આખું ગામ સંપર્કવિહોણું બની ગયું છે. છેલ્લા સાત દિવસથી દૂધનું વાહન ગામ સુધી આવી શક્યું નથી. આરોગ્ય સહિતની જરૂરી સેવાઓ મેળવવામાં પણ લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે. તેમણે નાર નદી પર કાયમી લેવલ બ્રિજ બનાવવાની માંગ કરી હતી, જેથી વરસાદી મોસમમાં દર વર્ષે ઉભી થતી આ સમસ્યાનો અંત આવે.

આસીફ શેખ